# રાજકોટ રૂરલ જીલ્લા પોલીસે કરેલ સારી કામગીરીની વિગત
# તા.૧૭/૩/૨૦૧૪ થી તા.૨૩/૩/૨૦૧૪

**ગુમ થયેલ બાળકને શોધી કાઢેલઃ-**

રાજકોટ મુકામે મવડી વિનાયકનગર શેરી નં.૧૧ માં રહેતા યશવંતભાઇ સાવંતએ તેના પુત્ર નામે ભાવેશ ઉ૧.૧૩ વાળાને ઘરે લેશન કરવા બાબતે ઠપકો આપતાં આ ભાવેશ તેના મમ્મીને સાયકલમાં હવા ભરાવીને આવુ છું તેમ કહી તા.૧૮/૩/૧૪ નાં ઘરેથી નીકળી જતો રહેલ હતો પોતાનો પુત્ર જતો રહેતા તેનાં મા-બાપ ખુબ જ વ્યાકુળ થઇ તેની શોધ ખોળ કરતા તે મળી આવેલ ન હતો. બાદ રાજકોટ રૂરલ જીલ્લાનાં વીરપુર પો.સ્ટે.નાં પોલીસ સબ ઇન્સ.શ્રી જી.એ.જાડેજાને પેટ્રોલીંગ દરમ્યાન મજકુર બાળક ભાવેશ યશવંતભાઇ સાવંત ઉ૧.૧૩ વાળો નેશનલ હાઇવે પર આવેલ વચ્છરાજ હોટલ પાસેથી મળી આવતાં તેને વિશ્ર્વાસમાં લઇ પુછપછર કરી તેની પાસેથી તેના પિતા યશવંતભાઇ સાવંતના ટેલીફોન મેળવી તેનો સંપર્ક કરી આ બાળક ભાવેશ ઉ૧.૧૩ વાળાને તેનાં પિતાશ્રીને તા.૧૯/૩/૧૪નાં રોજ સોંપી આપેલ છે. આ બાળકનાં લેવાયેલ ફોટોગ્રાફ નીચે મુજબ છે.

